ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૩ અંક ૦૬૫ તારીખ ૧૬-૧૧-૨૦૧૬ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા







# બેંક શેરોમાં આકર્ષણ વધશે

ગયું અઠવાડિયું ભારતીય અને વૈશ્વિક બજારો માટે ખૂબ જ રસપ્રદ રહ્યું હતું અને મુખ્યત્વે ભારતના ઓપરેટરોએ દિવાળી અગાઉ ક્લિન્ટન આવશે તેવી ગણતરી સાથે ઉંચા ભાવે શેરો પહેરાવી દીધા અને મુહૂર્તના સોદામાં પણ તે જ પ્રકારનો તેજીનો માહોલ ઉભો કરી દીધેલો અને બીજા દિવસથી નવા વર્ષનું કામકાજ શરૂ થતાં ક્લિન્ટનને બદલે ટ્રમ્પ આવશે તેવા એનાલિસીસ ફરવાનું શરૂ થઈ જતાં બજારમાં મોટું ગાબડું પડી ગયું અને તે રીતે સંવત ૨૦૭૩ની શરૂઆતથી જ સેન્સેક્સ અને નિફ્ટીમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે અને વચ્ચે વચ્ચે એક-બે સેશન દરમ્યાન ફરી એક વખત ક્લિન્ટનને સરસાઈ મળશે તેવી વાત ચલાવીને બાકીના શેરો પહેરાવવાની વ્યૂહરચના પણ કરી હતી.

મંગળવારે સવારથી જ ડોનાલ્ડ ટ્રમ્પને સરસાઈ મળી રહી છે, તેવા સંકેતો આવવાનું શરૂ થઈ જતાં બજારમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થઈ ગયેલો અને એક તબક્કે તો સેન્સેક્સમાં ૧૩૦૦ પોઈન્ટનું ગાબડું પણ પડી ગયેલું અને તે દિવસે જેમણે તોફાની વધઘટમાં સામા પ્રવાહે કામ કરવાની હિંમત બતાવેલી, તેમને પૈસા પણ જોરદાર મળ્યા હતા.

**ઓપરેટરોએ દિવાળી અગાઉ ક્લિન્ટન આવશે તેવી ગણતરી સાથે ઉંચા ભાવે શેરો પહેરાવી દીધા**

બેંક નિફ્ટીની જ વાત કરીએ તો જે તબક્કે સેન્સેક્સમાં ૧૩૦૦ પોઈન્ટનું ગાબડું પડેલું તે વખતે અનેક ટેકનિકલ એનાલિસ્ટોએ બેંક નિફ્ટીમાં બાયના સિગ્નલ આપેલા અને તે વખતે અનેક ખેલાડીઓ પાસે ક્યાં તો લિમિટ ન હતી, અથવા તો કામ કરવાની હિંમત ન હતી અને તેને કારણે સોદા ન કરી શક્યા, પરંતુ તે બાય સિગ્નલ વખતે જેમણે હિંમત કરીને નાનું કામ પણ કરેલું તેમને રૂ. ૩ લાખ એક જ સેશનમાં છૂટી ગયેલા અને દિવસ દરમ્યાન બેતરફી તોફાની વધઘટ સાથે નાના ઘટાડા સાથે બજાર બંધ આવેલું.

ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના વિવાદાસ્પદ સ્ટેટમેન્ટને કારણે અર્થતંત્રમાં ખાનાખરાબી ઉભી કરશે તેવો માહોલ ચૂંટણી દરમ્યાન ઉભો થયો હતો, પરંતુ એક વખત ચૂંટાયા પછી તેમણે જે પ્રવચન આપ્યું હતું તેમાં મોટા ભાગના લોકોને મેચ્યોરિટી વધારે લાગી અને ખાસ કરીને તમામ અમેરિકન પ્રજાને પોતે સાથે લઈને આગળ વધશે તેવી વાત કરતાં શેરબજારના ખેલાડીઓ મૂડમાં આવી ગયા હતા અને તે પછીની ત્રણ સેશનો દરમ્યાન અમેરિકન બજારોમાં તોફાની ઉછાળો જોવાયો છે.




**નિફ્ટી અત્યારે શોર્ટર્મ અને મધ્યમગાળાના મંદીના તબક્કામાં ફસાઈ છે અને આવતાં થોડાં દિવસ નબળાઈ ચાલુ રહેવાની ગણતરી છે. આરએસઆઈ ૩૩.૫૩ ઉપર છે, જ્યારે સિગ્નલ લાઈન -૪૯.૪૨ને તોડીને એમએસીડી લાઈન -૭૦.૧૧ ઉપર છે, પરંતુ સામે પક્ષે સ્ટોકેસ્ટિક્સ ઈન્ડિકેટર અને સ્ટોકેસ્ટિક્સ આરએસઆઈ નિફ્ટીમાં આગામી દિવસોમાં હજી સતત ઘસારાનો સંકેત આપે છે.**

**૮૪૧૦ના સ્ટોપલોસથી નિફ્ટીમાં મંદીની પોઝિશન જાળવી શકાય અને તેમાં નીચામાં ૮૨૩૩ તૂટતાં ૮૧૭૧ અને તે લેવલ તૂટતાં ૮૧૬૬ની સંભાવના મજબૂત છે.**

ડોનાલ્ડ ટ્રમ્પ ખૂબ જ મોટા બિઝનેસમેન છે અને તેને કારણે અર્થતંત્ર અને બિઝનેસને કેવી રીતે મજબૂત કરવા તેની પાકી સૂઝ તેમને હોય તેવી ગણતરીઓ શરૂ થઈ છે અને તે પાછળ અમેરિકન શેરબજારોમાં અત્યારે નવા ટોપ બન્યા છે. સને ૨૦૧૧ પછી ત્રણેય મુખ્ય ઈન્ડેક્સ અત્યારે વિક્રમી ઉછાળા સાથે આગળ વધી રહ્યા છે અને તેની ભારતીય બજારો પર એકદમ વિરોધાભાસી અસર ગુરુવારે અને શુક્રવારે જોવા મળી હતી.

અમેરિકન અર્થતંત્ર મજબૂત થાય અને તેના શેરોમાં વધારે સારું કમાવાની તક ઉભી થાય તો સ્વાભાવિક છે કે એફઆઈઆઈ ભારતીય શેરોમાંથી પૈસા પાછા ખેંચીને અમેરિકન શેરબજારમાં લગાવશે તેવી ગણતરીઓ શરૂ થઈ જાય અને તેને કારણે શુક્રવારે ૭૦૦ પોઈન્ટનું ગાબડું સેન્સેક્સમાં પડી ગયું હતું.

તેવી જ રીતે, અમેરિકામાં છેલ્લા ત્રણ અઠવાડિયા દરમ્યાન મળેલા તમામ આર્થિક ઈન્ડિકેટરો અર્થતંત્ર ખૂબ જ મજબૂત હોવાનો સંકેત આપે છે. રોજગારીમાં સુંદર વૃદ્ધિ જોવાઈ છે અને સતત ૮૫મા અઠવાડિયા દરમ્યાન બેરોજગારીનો આંક ૩ લાખની અંદર જળવાઈ રહ્યો છે. ગયા અઠવાડિયા દરમ્યાન કન્ઝ્યુમર સેન્ટિમેન્ટમાં પણ નોંધપાત્ર સુધારો જોવાયો હતો અને કન્ઝ્યુમર સેન્ટિમેન્ટ ઈન્ડેક્સ ૮૫.૫૦થી વધીને ૯૧.૨૦ ઉપર આવી

(અનુસંધાન પાછળના પાને)

## કર્ણાટક બેંકમાં રાઈટ ઓફર

સને ૧૯૨૪માં સ્થપાયેલી કર્ણાટકા બેંક ભારતની સૌથી જૂની પ્રાઈવેટ સેક્ટર બેંકમાંની એક છે. અને આ બેંક દ્વારા તેના શેર હોલ્ડરોને રૂ. ૭૦ના ફિક્સ ભાવે બે શેર સામે એક રાઈટ શેર ઓફર કરાયો છે અને રાઈટ ઈશ્યૂ તા. ૨૧ નવેમ્બર સુધી ખુલ્લો રહેવાનો છે.

છેલ્લા બે - ત્રણ વર્ષ દરમ્યાન બેંકના ધિરાણ વૃદ્ધિદરમાં નાનો વૃદ્ધિદર જ જોવાયો છે, તેમ છતાં લાંબા ગાળાનું ભાવિ ખૂબ મજબૂત છે અને અત્યારના રાઈટ હક બાદના રૂ. ૧૨૧ના બજારભાવની સામે રાઈટ શેર ખૂબ જ મોટા ડિસ્કાઉન્ટમાં મળી રહ્યો છે અને તેને કારણે રાઈટ શેર ભરી દેવો સલાહભરેલ લાગે છે.

બેંક ખૂબ જ પ્રાદેશિક હાજરી ધરાવે છે અને તેણે કોર્પોરેટ ધિરાણોમાં કામકાજ ઘટાડવાનો વ્યૂહાત્મક નિર્ણય લીધો છે અને હવે રિટેઈલ ધિરાણો ઉપર જ પોતાનું ફોકસ વધારશે અને ખૂબ જ સાતત્યપૂર્વક માર્જિનને કારણે બેંક આવતા બે-ત્રણ વર્ષ દરમ્યાન સારી કામગીરી ધરાવે તેવી ગણતરી છે.

કર્ણાટક બેંકનો શેર તેના એક વર્ષની ભાવિ બૂકવેલ્યુ સામે ૦.૭ના રેશિયો ઉપર મળી રહ્યો છે, જ્યારે અન્ય પ્રાદેશિક બેંકોમાં ફેડરલ બેંકનો શેર ૧.૪ના રેશિયો ઉપર છે અને તે રીતે રાઈટ ઈશ્યૂ આકર્ષક વેલ્યૂએશન ઉપર જણાય છે.

છેલ્લા બે વર્ષના અર્થતંત્રના નબળા તબક્કામાં પણ પ્રાઈવેટ સેક્ટર બેંક દ્વારા મજબૂત કામગીરી દર્શાવાઈ છે. કર્ણાટક બેંક મુખ્યત્વે કર્ણાટકમાં હાજરી ધરાવે છે અને તેને પણ કોર્પોરેટ સેક્ટરના નબળા દેખાવની અસર નડી છે.

સને ૨૦૧૦થી ૨૦૧૩ દરમયાન ૨૦ ટકાનો વૃદ્ધિદર ધરાવનાર આ બેંકે છેલ્લા ૩ વર્ષમાં વાર્ષિક ૧૦ ટકાનો વૃદ્ધિદર જ દર્શાવ્યો છે. પરંતુ આ સમયગાળા દરમ્યાન સમગ્ર કોર્પોરેટ ધિરાણોમાં કેવળ ૬ ટકાની વૃદ્ધિ જ જોવાઈ છે. બેંક હવે વધારે રિટર્ન આપનાર રિટેઈલ ધિરાણો ઉપર પોતાનું ફોકસ વધારી રહી છે અને તેથી રાઈટ શેરમાં અરજી કરાય.

- **વેદાંતા**, અત્યારના રૂ. ૨૩૦ ઉપરના આ શેરમાં હજી સામા પ્રવાહે મજબૂત ઉછાળો જોવાય. કંપનીના ફંડામેન્ટલમાં સુધારો અને સાથે સાથે કોપરના ભાવ પણ વધ્યા છે. શેર જાળવી રખાય.
- **આઈસીઆઈસીઆઈ બેંક**, પરિણામો થોડા નબળા આવ્યા અને તેમ છતાં અર્થતંત્ર સુધરતા આ બેંકને ફાયદો થવાનો અને જૂની માંદી ઉઘરાણીઓમાં વસૂલાત વધશે. રૂ. ૨૭૬ના ભાવે ઘટવાની જગ્યા નહીંવત્ અને ઉપરમાં રૂ. ૩૨૦ - રૂ. ૩૩૦નો ભાવ જોવા મળે.
- **હિન્દાલ્કો**, આંતરરાષ્ટ્રીય સ્તરે એલ્યુમિનિયમ અને કોપરમાં મજબૂતાઈનો ટ્રેન્ડ અને પરિણામો પણ બીજા ક્વાર્ટરમાં સારા આવ્યા અને ખાસ કરીને કેનેડાની કંપનીની નફાશક્તિમાં નોંધપાત્ર સુધારો. થોડાક શેરો હજી જાળવી રખાય અને રૂ. ૧૭૨થી વધીને રૂ. ૧૮૦નો ભાવ આવવાની ગણતરી.
- **અદાણી પોર્ટ**, ઘટીને રૂ. ૨૭૬ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં નાના ઘટાડાની હજી જગ્યા, તેમ છતાં લોંગ ટર્મ ઈન્વેસ્ટર માટે ચિંતાનું કોઈ કારણ નથી અને ઘટેલા ભાવે થોડાક શેરો ખરીદી શકાય.
- **સ્ટેટ બેંક**, પરિણામ નબળા આવ્યા, તેમ છતાં મોટી નોટો રદ કરવાનો ફાયદો જોવા મળશે. અત્યારના રૂ. ૨૭૩ના ભાવે શેર જાળવી રાખવો સલાહ ભરેલ.
- **ગેઈલ**, રૂ. ૪૩૮ ઉપર છે અને દેશભરમાં ગેસનો વપરાશ વધતો જાય છે. ગેલને પણ મોટો ફાયદો થવાનો. રૂ. ૪૩૮માં આ શેર ધ્યાનમાં રખાય અને ઘટવામાં રૂ. ૪ અને વધવામાં રૂ. ૪૦ની જગ્યા.
- **એનટીપીસી**, બે વર્ષનો ખરાબ સમય પૂરો થયો છે અને હવે આ શેરમાં ધીરે ધીરે અપવર્ડ ટ્રેન્ડ જોવાય. રૂ. ૧૫૨માં રોકાણ જાળવી રખાય અને આગામી દિવસોમાં ધીરે ધીરે વધીને શેર રૂ. ૧૮૦ ઉપર આવવાની ગણતરી.
- **ટાટા સ્ટીલ**, આંતરરાષ્ટ્રીય બજારમાં સ્ટીલ કંપનીઓની હાલત સુધરી. ટાટા સ્ટીલને કોરસ પ્લાન્ટ ઘરમાં રહી ગયાનો ફાયદો મળશે. રૂ. ૪૨૬ના ભાવે રોકાણ જાળવી રખાય.
- **ભેલ**, નવા ઓર્ડરોમાં જોવાતો સુધારો અને ખાસ કરીને પાવર પ્રોજેક્ટોનો બિઝનેસ વધ્યો છે અને અત્યારે રૂ. ૧૩૬માં રોકાણ જાળવી રખાય અને આગામી દિવસોમાં ધીરે ધીરે રૂ.૨૦૦નો ભાવ જોવા મળે.
- **કોલ ઈન્ડિયા**, બોટમઆઉટ થઈને એકદમ ધીમી રિક્વરીનો ટ્રેન્ડ. અત્યારે રૂ. ૩૨૪ ઉપર છે અને ધીરે ધીરે ૬-૮ મહિને રૂ. ૪૦૦ના ભાવની ગણતરી.
- **ટેક મહિન્દ્ર**, આઈટી શેરોમાં સૌથી વધારે મજબૂત કંપની અને છેલ્લા ૩ મહિનાથી કરેક્શનમાં હતો અને હવે કરેક્શન પૂરું કરીને અપટ્રેન્ડમાં દાખલ થશે. રૂ. ૪૩૯ના ભાવે રોકાણ જાળવી શકાય.
- **ઓએનજીસી**, રૂ. ૨૭૩ના ભાવે શેર આકર્ષક છે અને બીજા ક્વાર્ટરનો નફો સુંદર આવશે. બોનસ બાદ ફરી વખત આ લેવલ ઉપર જ શેર આવી જાય તો નવાઈ નહીં લાગે. થોડાક શેરો લઈને મૂકી દેજો.
- **બીપીસીએલ**, રૂ. ૬૫૦ના ભાવે ભેગા કરતા જવાય. ભલે અત્યારે બજાર કરેક્શનના તબક્કામાં, પરંતુ બીપીસીએલ માટે સારો સમય. બીજા ક્વાર્ટરના પરિણામો સુંદર આવશે. આગામી દિવસોમાં આ શેરમાં ધીરે ધીરે રૂ. ૭૫૦ના ભાવની ગણતરી.
- **ભારતી એરટેલ**, રિલાયન્સ જીઓને કારણે આ શેર અંગે હજી પણ ગભરાટ. રૂ. ૩૦૧ ઉપર મળી રહ્યો છે અને આગામી દિવસોમાં હજી આ શેરમાં મોટા ઘટાડાનો ભય. હાલ પૂરતું નવા રોકાણથી દૂર જ રહેવું સલાહ ભરેલ.
- **લાર્સન એન્ડ ટુબ્રો**, ઘટીને રૂ. ૧૩૮૮ ઉપર આવ્યો. લાંબા ગાળાનું ભવિષ્ય ભલે સારું હોય, પરંતુ હજી આ શેરને વધારે નીચો ખેંચી જવાય તે સંભાવના વધારે મજબૂત. એક વખત રૂ. ૧૩૫૦નો ભાવ પણ જોવા મળે.
- **એચસીએલ ટેક્નોલોજી**, અમેરિકામાં નવા પ્રમુખ આવ્યા પછી ફરી વખત આઈટી સેક્ટરના કામકાજ અંગે અનિશ્ચિતતા. આઉટસોર્સિંગ ઉપર અંકુશો આવવાની ગણતરી. એચસીએલ ટેક્નોલોજીને પણ અસર પડે. અત્યારે રૂ. ૭૬૪ ઉપર છે અને આગામી દિવસોમાં હજી આ શેરમાં નાનો ઘટાડો જોવાય.
- **રિલાયન્સ**, ઘટીને રૂ. ૧૦૦૧ ઉપર આવ્યો છે અને આવતી થોડી સેશનમાં રૂ. ૯૫૦ સુધીના ભાવની સંભાવના મજબૂત. સરકારે મોટી પેનલ્ટી પણ લાવી છે અને તેની અસર પણ ભાવ ઉપર જોવા મળે.


## MAXIMAA SYSTEMS LIMITED

CIN NO. L27100GJ1990PLC014129
Registered Office : B-1 , Yashkamal, Tithal Road, Valsad 396001,Gujarat.
Ph: +91 2632 222402/222403 Fax No : 02632 222302
Email : mkt@maximaasystems.com Website : www.maximaagroup.com

**Unaudited Financial Results for the Quarter ended 30th September, 2016**

(Rs. In Lacs)

| Sr. No. | PARTICULARS | QUARTER ENDED | | | HALF YEAR ENDED | | YEAR ENDED |
|---|---|---|---|---|---|---|---|
| | | 30.09.2016 Unaudited | 30.06.2016 Unaudited | 30.09.2015 Unaudited | 30.09.2016 Unaudited | 30.09.2015 Unaudited | 31.03.2016 Audited |
| 1 | Total income from operations | 345.50 | 331.64 | 237.64 | 677.14 | 682.83 | 1,863.39 |
| 2 | Net Profit / (Loss) from ordinary activities after tax | 13.94 | 1.84 | 1.31 | 15.78 | 14.54 | 3.05 |
| 3 | Net Profit / (Loss) for the period after tax (after Extraordinary items) | 13.94 | 1.84 | 1.31 | 15.78 | 14.54 | 3.05 |
| 4 | Equity Share Capital | 1,011.73 | 1,011.73 | 1,004.73 | 1,011.73 | 1,004.73 | 1,011.73 |
| 5 | Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | - | | | | | |
| 6 | Earnings Per Share (before and after extraordinary items) (FV of Rs.2 each) (not annualised) Basic and Diluted | 0.03 | 0.0036 | 0.0026 | 0.03 | 0.0026 | 0.006 |

**Notes:**
The above is an extract of the detailed format of unaudited financial results for the quarter and six months ended September 30, 2016 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Company's Website (www.maximaagroup.com) or that of BSE Limited (www.bseindia.com)

For, Maximaa Systems Limited

Place : Valsad
Date : 14-11-2016

Sd /-
Managing Director



શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો



## SHRI JAGDAMBA POLYMERS LIMITED

CIN : L17239GJ1985PLC007829
REGD. OFFICE : 802, NARNARAYAN COMPLEX, NEAR NAVRANGPURA POST OFFICE NAVRANGPUR 380009, AHMEDABAD .GUJARAT.
Email : admin@jagdambapolymers.com, Website: www.shrijagdamba.com
Tele No :- 079 26565792, Fax No. 079-26430201

**Unaudited Financial Results for the Quarter Ended on 30.09.2016**

(Rs. In Lacs except EPS )

| SR. NO | PARTICULARS | Quarter Ending on 30.09.2016 | Year to date Figures 30.09.2016 | Corresponding 3 months ended in the previous year 30.09.2015 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations (net) | 3900.99 | 8119.46 | 3565.79 |
| 2 | Net Profit for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 373.35 | 547.78 | 179.76 |
| 3 | Net Profit for the period before Tax, (after Exceptional and/or Extraordinary items) | 373.35 | 547.78 | 179.76 |
| 4 | Net Profit for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 258.35 | 362.78 | 114.76 |
| 5 | Total Comprehensive income for the period (Comprising Profit for the period (after Tax) and other Comprehensive income (after Tax) | 258.35 | 362.78 | 114.76 |
| 6 | Equity Share Capital | 88.13 | 88.13 | 88.13 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Balance Sheet of the previous year) | - | - | - |
| 8 | Earnings Per Share (before and after extraordinary items) (of Rs. 10/- each) | 29.51 | 41.42 | 13.1 |
| | Basic / Diluted: | 29.51 | 41.42 | 13.1 |

Note: The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange website i.e. www.bseindia.com and company website www.shrijagdamba.com

For Shri Jagdamba Polymers Ltd.
Sd/-
Krushang Shah
( Company Secretary)

Date : 16.11.2016
Place : Ahmedabad









## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**Extract of Standalone Unaudited Financial Results for the Quarter ended on 30th September, 2016**

(Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Quarter Ended 30.09.2016 | Half year Ended 30.09.2016 | Corresponding quarter ended in the previous year 30.09.2015 |
|---|---|---|---|
| Total Income from the operations (net) | 1181.99 | 2453.22 | 1306.07 |
| Net Profit/(Loss) from ordinary activities after tax | 42.98 | 93.59 | 74.43 |
| Net Profit/(Loss) for the period after Tax (after Extraordinary items) | 42.98 | 93.59 | 74.43 |
| Equity Share Capital | 302.85 | 302.85 | 302.85 |
| Reserves (excluding Revaluation Reserve as per Balance Sheet of previous year) | 1761.80 | 1761.80 | 1652.89 |
| Earning per share (before extraordinary items) (of Rs.10 each) | | | |
| Basic | 1.42 | 3.09 | 2.46 |
| Diluted | 1.42 | 3.09 | 2.46 |
| Earning per share (after extraordinary items) (of Rs. 10 each) | | | |
| Basic | 1.42 | 3.09 | 2.46 |
| Diluted | 1.42 | 3.09 | 2.46 |

**Notes:**
1.The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results as on 30th September, 2016 are available on the Stock Exchange website (http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=524818%20&dur=A) and on website of the company at (http://www.dynaind.com/investors_zone.html).
.2.The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 14th November, 2016.

For, Dynamic Industries Ltd.
Sd/-
Deepak N. Chokshi
Vice Chairman & Managing Director
DIN : 00536345

Date : 14th November, 2016
Place : Ahmedabad